યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતામ્, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૨ | ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; આસો સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### પ. બંગાળ સરકારને હાઈકોર્ટની ફટકાર

મોહરમના જુલુસના કારણે દુર્ગાપૂજા વિસર્જન પર પ્રતિબંધ લગાવવાના મામલે કોલકત્તા હાઈકોર્ટે મમતા સરકારને ફટકાર લગાવી છે. દુર્ગાપૂજા વિસર્જન અને મહોરમ જુલુસ એક સાથે કેમ ન થઈ શકે તેવો પ્રશ્ન પણ હાઈકોર્ટે પૂછ્યો હતો.

### ભારત-પાક. સીમા પર બે ઘુસણખોરો ઠાર

સીમા સુરક્ષા બળે પંજાબમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સીમા પર આજે બે સશસ્ત્ર ઘુસણખોરોને ઠાર માર્યા હતા. ઘુસણખોરો પાસેથી એકે-૪૭ રાઈફલ, એક પિસ્તોલ અને બે ડઝન ગોળીયો મળી આવી હતી.

### મુંબઈમાં મોટી પ્લેન દુર્ઘટના ટળી

મુંબઈ એરપોર્ટ પર મંગળવારે રાત્રે એક મોટી દુર્ઘટના ટળી છે. વારાણસીથી મુંબઈ પહોંચેલુ સ્પાઈસ જેટનું વિમાન લેન્ડિંગ સમયે કીચડમાં ફસાયુ હતુ. જો કે આ અકસ્માતમાં કોઈ મુસાફરને નુકશાન પહોંચ્યું નથી.

### મેક્સિકોમાં શક્તિશાળી ભૂકંપ

મેક્સિકો સિટીમાં મંગળવારે શક્તિશાળી ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપની તિવ્રતા ૭.૧ હતી. આ કુદરતી આફતમાં ૧૫૦થી વધુના મોત થયા હોવાના અહેવાલ છે.

# મુંબઈમાં ભારે વરસાદથી જળબંબાકાર

## ટ્રેન, વિમાની સેવા અને વાહન વ્યવહારને પ્રતિકુળ અસર : મુંબઈની લાઇફ લાઈન સમાન લોકલ ટ્રેન સેવાને અસર થઇ : નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા



મુંબઈ,તા. ૨૦

હાલના દિવસોમાં જ દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં બીજી વખત ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયુ છે. મુંબઈના મોટા ભાગના વિસ્તારો ભારે વરસાદ બાદ જળબંબાકારની સ્થિતીમાં છે. લોકો ભારે મુશ્કેલીનો અનુભવ કરી રહ્યા છે. સતત બીજા દિવસે ભારે વરસાદના પરિણામ સ્વરુપે લોકો મુશ્કેલીમાં રહ્યા હતા. બીજી બાજુ ટ્રેન અને વિમાની સેવા હજુ પણ ખોરવાયેલી છે. સમયસર સ્થળ પર લંચ બોક્સ પહોંચે તેની ખાતરી કરવા ટિફિન ડિલિવરીના લોકો પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. બીજી બાજુ ભારે વરસાદ માટેની ચેતવણીને લઈને તંત્ર સાબદુ થયેલું છે. મુંબઈ મેટ્રોમાં ગઈકાલે સેવા ખોરવાઈ ગઈ હતી. મુંબઈ મેટ્રોમાં ૪.૧૩ લાખ લોકો યાત્રા કરે છે. વેસ્ટર્ન રેલવે દ્વારા ટ્રેનો ચર્ચગેટ-વિરાર વચ્ચે સમયસર શરૂ કરી દેવામાં આવી છે. મુંબઈમાં કોઈપણ વિસ્તારમાંથી અનિચ્છનીય બનાવના કોઈ અહેવાલ મળ્યા નથી. બ્રિહાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના લોકો સક્રિય થયેલા છે. કોલાબા, શાંતાક્રૂઝ

● અનુસંધાન પાન-૭ પર

## આજે કોલકાતામાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વનડે જંગ

### જીતના સિલસિલાને જાળવી રાખવા ભારત સજ્જ



કોલકત્તા,તા. ૨૦

હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પાંચ વનડે મેચોની શ્રેણીની બીજી વનડે મેચ આવતીકાલે કોલકત્તાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે રમાનાર છે. પ્રથમ મેચ વરસાદગ્રસ્ત બન્યા બાદ આ મેચ ભારતે ડકવર્થ લુઈસ પદ્ધિતીના આધારે જીતી લીધી હતી. જેથી આવતીકાલની મેચને લઈને હવે ભારે ઉત્સુકતા છે. બન્ને ટીમો જીતના ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. કોલકત્તામાં પણ ચેન્નાઈની જેમ જ વરસાદ અને ખરાબ હવામાન અડચણરૂપ બની શકે છે. જ બે શક્તિશાળી ટીમો આમને સામને હોવાથી બન્ને ટીમોની એકબીજાની સામે અગ્નિપરીક્ષા થનાર છે. બન્ને ટીમોમાં એકથી એક સ્ટાર ખેલાડી હોવાથી ક્રિકેટ ચાહકોને આ શ્રેણીમાં જોરદાર જગ જોવા મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમે હાલમાં જ શ્રીલંકામાં તેની જ જમીન પર તેની સામે વનડે શ્રેણીપ-૦થી જીતી લીધી હતી.

# મેક્સિકોમાં પુનઃ પ્રચંડ ભૂકંપ

મેક્સિકો,તા. ૨૦


દક્ષિણી મેક્સિકોમાં આવેલા વિનાશકારી ભૂકંપમાં આજે મોતનો

**૨૫૦થી વધુના મોત : મોટી સંખ્યામાં ઇમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી : બચાવ-રાહત કામગીરી યુદ્ધના ધોરણે જારી**

આંકડો વધીને ૨૫૦ ઉપર પહોંચી ગયો હતો. ઘાયલ થયેલા લોકોની સંખ્યા હજારોમાં છે. જેથી મોતનો આંકડો હજુ વધી શકે છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. વિનાશકારી ધરતીકંપના કારણે શ્રેણીબદ્ધ ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં ધરાશાયી

● અનુસંધાન પાન-૭ પર








# પેટ્રોલ પર ટેક્ષ ઘટાડવા અનેક પરિબળો અસરકર્તા

## પેટ્રોલની કિંમતોના મુદ્દે હોબાળો કરનાર પર જેટલીના પ્રહારો : જનકલ્યાણ યોજના માટે ફંડમાં વધારો

નવી દિલ્હી,તા. ૨૦

કેન્દ્રીય કેબિનેટની આજે અતિમહત્વની બેઠક યોજાઈ હતી જેમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સાથે સાથે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા હતા જેના ભાગરુપે નોનગેજેટેડ રેલ કર્મચારીઓ માટે ૭૮ દિવસના પ્રોડક્ટીવીટી લિંક્ડ બોનસને મંજુરી આપવામાં આવી હતી. આ ઉપરાંત બાળકો અને સગર્ભા મહિલાઓના પોષણ માટે ૯૯૦૦ કરોડ રૂપિયાની વધારાની ફાળવણીને પણ મંજુરી આપવામાં આવી હતી. આ ઉપરાંત દેશમાં આરોગ્ય અને પોષણ માટે ૧૨૦૦૦



કરોડ વધારાની રકમ મંજુર કરવામાં આવી હતી. આનાથી ૧૧ કરોડ લોકોને સીધી રીતે ફાયદો થશે. કેબિનેટે અન્ય કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો પણ કર્યા હતા. કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ નાણામંત્રી અરુણ જેટલીએ પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં કેબિનેટ દ્વારા લેવામાં આવેલા પગલા અંગે માહિતી આપવામાં આવી હતી. જેટલીએ કહ્યું હતું કે, મોંઘવારીને લઈને હોબાળો મચાવનાર કોંગ્રેસ અને ડાબેરીની સરકારો પેટ્રોલ ઉપર ટેક્સથી જંગી કમાણી કરી રહી છે. જેટલીએ પ્રશ્ન કર્યો હતો કે, આ રાજ્ય સરકારો પેટ્રોલ ઉપર કેન્દ્રીય ટેક્સમાંથી પોતાનો હિસ્સો લેશે નહીં. પેટ્રોલની મોંઘવારી સાથે જોડાયેલા પ્રશ્નના જવાબમાં જેટલીએ કહ્યું હતુ કે, પેટ્રોલનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે જ્યાં વિપક્ષી દળોની રાજ્યોમાં સરકાર છે તેઓ કેટલો ટેક્સ લઈ રહી છે. અત્રે નોંધનીય છે કે, બે વર્ષ પહેલા જ્યારે તેલ કંપનીઓ દરેક ૧૫ દિવસ પર કિંમતોની સમીક્ષા કરતી હતી ત્યારે ઘણી વખત કિંમતો ઘટાડવામાં આવતી હતી પરંતુ જેટલું અમે કામ કરતા હતા તે જ દિવસે દિલ્હી, હરિયાણા, પંજાબ અને હિમાચલમાં એટલો વેટ વધારી દેવામાં આવતો હતો જે કેન્દ્રને પણ ટેક્સ આવે છે. પેટ્રોલથી તેનો ૪૨ ટકા હિસ્સો રાજ્યોને જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે કર્મીઓને બોનસ તરીકે ૭૮ દિવસનો પગાર ચુકવાશે

## પ્રોડક્ટીવીટી લિંક્ડ બોનસ તરીકે પગાર મળશે : વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની મિટિંગમાં નિર્ણય



નવી દિલ્હી,તા. ૨૦

નાણામંત્રી અરુણ જેટલીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રેલવે કર્મચારીઓની પ્રોડક્ટીવીટી લિંક્ડ બોનસ તરીકે ૭૮ દિવસનો પગાર ચુકવવામાં આવનાર છે. જેટલીએ ઉમેર્યું હતું કે, નોનગેજેટેડ તમામ કર્મચારીઓ માટે બોનસની રકમ ચુકવવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પત્રકાર પરિષદને સંબોધતા જેટલીએ કહ્યું હતું કે, કેબિનેટે વર્ષ ૨૦૧૬-૧૭ માટે તમામ બિનગેજેટેડ રેલવે કર્મચારીઓ માટે ૭૮ દિવસનો પ્રોડક્ટીવીટી લિંક્ડ બોનસ મંજુર કર્યું છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, પ્રવર્તમાન ફોર્મ્યુલા મુજબ પ્રોડક્ટીવીટી લિંક્ડ બોનસ ૭૨ દિવસનું હતું. ૭ વર્ષ અગાઉ ૭૮ દિવસના પગારની પરંપરા હતી જેથી કેબિનેટે ૭૮ દિવસના પ્રોડક્ટીવીટ લિંક્ડ બોનસને મંજુરી આપી છે. મોદીના નેતૃત્વમાં મળેલી કેબિનેટની બેઠકમાં અન્ય નિર્ણયો થયા હતા.







Keshavam Party Plot & Radhe Caterers : +91 98254 50111, +91 99099 55655